dadashrie
foundation
આયોજીત

# अर्यमा यज्ञ



## પિતૃમોક્ષ
## માટે શ્રેષ્ઠ યજ્ઞ

**06 OCT 2021**

પટેલ ફાર્મ,
શીલજ, અમદાવાદ

अनन्तश्चास्मि नागानां वरुणो यादसामहम्।
पितॄणामर्यमा चास्मि यमः संयमतामहम्।।

( भगवद गीता, 10/29 )

नाग देवताओं के अनेक भेदोमें, अर्थात मैं शेष नागराज हूं । वरुण भी मैं ही हूं ।
और यमलोक में शासन करनेवालो मे यमराज भी मैं ही हूं ।

શ્રીમદ્ ભગવદ ગીતાના ઉપરોક્ત શ્લોકમાં પિતૃના પ્રધાન દેવ અર્યમા, હું જ છું,
એવું કહીને પ્રભુ શ્રી કૃષ્ણએ આપણને અર્યમા ભગવાનની મહત્તાથી પરિચિત કરાવ્યા છે.



# કોણ છે અર્યમા દેવ ?

ભગવાન અર્યમા મહર્ષિ કશ્યપની પત્ની દેવમાતા અદિતીના ત્રીજા પુત્ર અને ઈંદ્ર આદિ દેવતાઓના ભાઈ છે. પુરાણ અનુસાર ઉત્તર-ફાલ્ગુની નક્ષત્ર તેમનું નિવાસ સ્થાન છે અને તેઓ તેના શાસક છે.પિતૃઓ જેની પૂજા  કરે તે છે અર્યમા દેવ. મૃત્યુ પછી પીડિત આત્માનું કલ્યાણ કરનાર દેવ છે અર્યમા દેવ. આકાશગંગામાં સદૈવ વિચરણ કરે છે અર્યમા દેવ.

# અર્યમા દેવ વિશે શું કહેવાયું છે ઋગ્વેદમાં ?

ચર્તુમુખ બ્રહ્માનો પૂર્વીય ચહેરો અર્યમા હોવાનો ઋગ્વેદમાં ઉલ્લેખ છે. ઋગ્વેદમાં તો ત્યાં સુધી કહ્યુ છે કે, અર્યમા ભગવાન પાસેથી ઈન્દ્ર પણ વરદાન મેળવે છે. દિવસ-રાતના ચક્ર પર અર્યમા ભગવાનનો અધિકાર છે. દ્વૈત સિદ્ધાંતના શુક્લ પક્ષના વિકાસના સુચક પણ અર્યમા દેવને  જ ગણવામાં આવે છે.

*।।ॐ अर्यमा न त्रिप्प्ताम इदं तिलोदकं तस्मै स्वधा नमः।*
*ॐ मृत्योर्मा अमृतं गमय।।*

પિતૃઓમાં અર્યમા શ્રેષ્ઠ છે. અર્યમા પિતૃઓના દેવ છે. અર્યમા દેવને પ્રણામ, હે પિતા, પિતામહ અને પ્રપિતામહ.. હે માતા, માતામહ અને પ્રમાતામહ આપને વારંવાર પ્રણામ. આપ અમને મૃત્યુથી મોક્ષ તરફ લઈ જાઓ.

## સર્વપિતૃ અમાસ પર મહાયજ્ઞ એટલે પૂર્વજોના મોક્ષની પૂર્ણિમા

શાસ્ત્રોમાં દેવકાર્યો પહેલા પિતૃકાર્યો કરવાનું સુચન અપાયું છે. શ્રાદ્ધથી ફક્ત પિતૃ જ તૃપ્ત નથી થતાં પરંતુ સમસ્ત દેવોથી લઇ વનસ્પતિઓ પણ તૃપ્ત થાય છે. શ્રાદ્ધ કરનારનું સાંસારિક જીવન સુખમય બને છે તેમજ મોક્ષ પ્રાપ્તિ થતી હોવાનું કહેવાય છે. શ્રાદ્ધને અંતે આવતા સર્વપિતૃ અમાસના દિવસે જો પિતૃઓના પ્રધાન દેવ અર્યમાને પ્રસન્ન કરતા મહાયજ્ઞમાં પ્રતિભાગી બનવામાં આવે તો પૂર્વજોને મોક્ષની તકનો મોકો મળે છે.

## કેવી રીતે અર્યમા મહાયજ્ઞ બનશે વિશેષ ?

**પુરુષ યજ્ઞકર્તા**ની **101 પેઢી**નું આહવાન કરી પિંડદાન કરાશે.

**મહિલા યજ્ઞકર્તા**ની પિયર પક્ષની **7 પેઢી**નું આહવાન કરી પિંડદાન કરાશે.

ઘરના **અબોલ જીવ** અને **અકાલ મૃત્યુ** થયું હોય તેઓનું પિંડદાન કરાશે.

શત પર્વિકા, વાજી ભક્ષમ, શાલી મિષ્ટ, સમિતા પિષ્ટી, બલિષ્ણુ પિષ્ટીથી પિતૃઓ માટેના **પિંડ** બનશે.

પિતૃઓને પસંદ હોય તેવી **37 જાતની સર્વશ્રેષ્ઠ વનસ્પતિઓ** દ્વારા આહુતિ અપાશે.

# શા માટે કરવામાં આવે છે
# અર્યમા મહાયજ્ઞ ?

## પિતૃઓના મોક્ષ માટે.

ત્રણ શબ્દોનો ઉપરનો જવાબ અર્યમા મહાયજ્ઞનું પ્રધાન કારણ છે. મૃત્યુલોકમાં વસતા સર્વજીવ પૈકી મનુષ્ય જ એવા નસીબદાર છે કે જેઓ સ્વયંના મોક્ષાર્થે કર્મ કરવા ઉપરાંત પૂર્વજોના મોક્ષ માટે પણ કર્મ કરી શકે છે. ચિત્રગુપ્તના ચોપડે જેના જીવન – મૃત્યુનું ચક્ર પૂર્ણ ન થયું હોય.. અને જે આત્મા પ્રેતલોકમાં નિવાસ કરતા હોય તેમના મોક્ષ માટે તેમના સંતાનો દ્વારા વિવિધ વિધિ-વિધાન કરવામાં આવતા હોય છે. એ તમામ વિધિ-વિધાનોમાં સર્વશ્રેષ્ઠ છે **અર્યમા મહાયજ્ઞ.** શ્રાદ્ધ પક્ષમાં પિતૃ પ્રાણ પૃથ્વી પર વ્યાપ્ત રહે છે. જેથી સર્વ પિતૃ અમાસની તિથિ પર કરાતો આ યજ્ઞ વિશેષ ફળ પ્રદાન કરે છે.

### મહાયજ્ઞમાં અર્યમા દેવ સ્વીકારે છે સ્વાહાનું 'હવ્ય' અને સ્વધાનું 'કવ્ય'

જડ ચેતન મયી સૃષ્ટિમાં શરીરનું નિર્માણ નિત્ય પિતૃ જ કરે છે. તેમના પર પ્રસન્ન થવા પર પિતૃઓની તૃપ્તિ થાય છે. શ્રાદ્ધના સમયે અર્યમાના નામ સાથે જલદાન કરવામાં આવે છે. અર્યમા દેવ માટે યોજાતા મહાયજ્ઞમાં તેઓ મિત્ર સૂર્ય તથા વરુણ એટલે કે જલ દેવતાની સાથે સ્વાહાનું 'હવ્ય' અને શ્રાદ્ધમાં સ્વધાનું 'કવ્ય' બંને સ્વીકારે છે. પરિણામે, આપના પૂર્વજોના આત્માને મોક્ષપ્રદાન થાય છે.



જે લોકોના રક્ષક અર્યમા દેવ છે,
તેઓ સદૈવ **વિરોધીઓ પર વિજય** મેળવે છે.

સંવાદિતા, સમાધાન તેમજ **અખંડ માર્ગના દેવ** છે અર્યમા.

પિતૃઓને **મોક્ષના દાતા** છે અર્યમા.

**પંચતત્વના મિત્ર** છે અર્યમા દેવ.

અર્યમા દેવ પ્રસન્ન થવા પર સદૈવ કરે છે
**પિતૃઓનું કલ્યાણ**

# यज्ञ ही मेरा जीवन है।

**યજ્ઞ જ મારું જીવન.**
**યજ્ઞ જ મારો શ્વાસ. યજ્ઞ જ મારો વિશ્વાસ.**
**યજ્ઞ જ મારું કર્મ. યજ્ઞ જ મારો ધર્મ.**

આવા જીવન મંત્ર સાથે જેઓ યજ્ઞ દેવતાને ચરણે – શરણે જીવનની એક એક ક્ષણ આહુતિની જેમ અર્પણ કરી રહ્યા છે. તેઓ છે **દુર્લભ અશ્વમેધ યજ્ઞકર્તા દાદાશ્રી.** ઘર ઘર યજ્ઞ, હર ઘર યજ્ઞના સ્વપ્ન સાથે વિશ્વભરમાં યજ્ઞ સંદેશ પહોંચાડી રહ્યા છે દાદાશ્રી. તેમનો એક એક શ્વાસ જાણે યજ્ઞ દેવતાનું સમિધ છે. તેમના જીવનની એક એક પળ જાણે યજ્ઞ દેવતાને અર્પણ કરાતું હવ્ય છે. દાદાશ્રી દ્વારા યજ્ઞમંત્રનો કરાતો ઉચ્ચાર શાસ્ત્ર સંમત નાદની અનુભૂતિ કરાવે છે. તો અગ્નિદેવના ઝળહળતા તેજની જેમ યજ્ઞ પરંપરાનો અજવાસ તેઓના યજ્ઞકર્મ થકી સર્વત્ર ફેલાઈ રહ્યો છે.

300 વર્ષ બાદ સંસારનો શ્રેષ્ઠ અને દુર્લભ અશ્વમેધ યજ્ઞ દાદાશ્રીએ સંપન્ન કર્યો છે. તો વિશ્વના સૌથી વિશાળ – વિરાટ અને વૈભવશાળી મહાયજ્ઞ, રાજસૂય યજ્ઞનું સ્વપ્ન પણ તેમણે જ સેવ્યું છે. આ સિવાય વાજપેય યજ્ઞ, નરમેધ યજ્ઞ, શતચંડી યજ્ઞ, શ્રી વિષ્ણુ મહાયજ્ઞ, મહાશિવરાત્રી મહાયજ્ઞ, મહાલક્ષ્મી મહાયજ્ઞ, શત ચંડી યજ્ઞ, સહસ્ત્ર ચંડી યજ્ઞ, સરસ્વતી યજ્ઞ, કુબેર યજ્ઞ, અર્યમા યજ્ઞ સહિત 8000થી વધારે પવિત્ર યજ્ઞકર્મ તેમણે કર્યા છે. 12 લાખ 50 હજારથી વધારે યજ્ઞ સાધકોને જેમણે યજ્ઞ પરંપરા સાથે જોડીને લાભાન્વિત કર્યા છે. જેમણે અનેક વાર દુર્લભ અને પવિત્ર કૈલાસ માનસરોવર યાત્રા સંપન્ન કરી છે. શાસ્ત્રોક્ત યજ્ઞ પદ્ધતિ ઉપરાંત વિશ્વની સર્વશ્રેષ્ઠ જન્મ કુંડલીનું નિર્માણ પણ દાદાશ્રીએ કર્યુ છે. આ કુંડલી એ ભૂતકાળ બતાવતો અરીસો છે, તો ઉજ્જવળ ભવિષ્ય માટે પથદર્શક છે. ગૃહસ્થ ધર્મમાં રહીને યજ્ઞ કર્મ, જ્યોતિષ કર્મ, વાસ્તુ કર્મ થકી જન જનના જીવનમાં સુખકારી લાવવા સદાય પ્રયત્નશીલ છે **દાદાશ્રી**.

# पितरं शं नः भवतु अर्यमा ।

અર્યમા દેવ અમારા પિતૃઓનું કલ્યાણ કરો.

www.dadasshrie.com

yagyamurtidadasshrie@gmail.com

+91 81410 81111 /+91 93270 04369

+91 94260 15255/ +91 98250 30174